# આસ્થા-આધ્યાત્મનો સમાજજીવનના ઉત્કર્ષ માટે ઉપયોગ કરીએ : નરેન્દ્ર મોદી





**પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદીની ઉપસ્થિતિમાં ગાંધીનગર નજીક અડાલજ પાસે નવનિર્મિત મા અન્નપૂર્ણાના વિશ્વના પ્રથમ પંચતત્વ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા**

ગાંધીનગર, તા. ૫

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ આજે ગાંધીનગર નજીક અડાલજ પાસે લેઉવા પાટીદાર સમાજના આરાધ્ય દેવી મા અન્નપૂર્ણાના નવનિર્મિત મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા કરાવી હતી. આ પ્રસંગે તેમણે કહ્યું કે, આસ્થા અને આધ્યાત્મનો સમાજજીવનમાં કઈ રીતે ઉપયોગ કરી શકાય તેનો વિચાર કરવો જોઈએ. વર્ષોથી ભારતમાં ધર્મશાળાઓ, ગૌશાળાઓ, અડાલજની વાવ જેવા જળમંદિરોના નિર્માણ સામાજિક શક્તિથી થયા છે. ધીમે ધીમે રાજકીય શકિત એટલી બળવાન થઈ ગઈ કે, સમાજની શક્તિઓ દબાઈ ગઈ. જો સમાજ શકિતશાળી હશે તો જ દેશ શકિતશાળી બનશે, અમે સમાજની મૂળભૂત શક્તિને બળ આપવાનો પ્રયાસ કર્યો છે. શક્તિ તો સમાજની જ હોવી જોઈએ.

વિશ્વના પ્રથમ પંચતત્વ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે બોલતાં પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું કે, લેઉવા પાટીદાર સમાજ અન્નપૂર્ણા ધામમાં જે કોઈ દર્શને આવે એમને પ્રસાદમાં એક છોડ આપે. ભાવિક-ભકતો અન્નપૂર્ણા મા ના આ પ્રાસાદને જીવનભેર ઉછેરે. છોડ ઉછેરવાથી જીવનભર પૂણ્ય પ્રાપ્ત થતું રહેશે. અન્નપૂર્ણા માતાજીના આ પ્રસાદથી પર્યાવરણની રક્ષા થશે. પ્રસાદથી પૂણ્ય પ્રાપ્ત થશે, સેવાની સેવા થશે અને જીવનને એક નવી ઉંચાઈ મળશે. તેમણે અન્નપૂર્ણા ધામમાં પ્રસાદની પદ્ધતિ બદલવા આહવાન કર્યું હતું. આ પદ્ધતિથી સમાજને નવી દિશા મળશે.

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ એમ પણ કહ્યું કે, લેઉવા પાટીદાર સમાજમાં જે પરિવારમાં દીકરીનો જન્મ થાય તે પરિવારે પોતાની દિકરીને અચૂક અન્નપૂર્ણા મા ને પગે લગાડવા આવવું જોઈએ. સમાજના આગેવાનો આવેલી દિકરીના નામે ઈમારતી લાકડું મળે એવી જાતના પાંચ છોડ રોપે. રાજ્ય સરકાર આવા વૃક્ષારોપણ માટે જગ્યા ફાળવે. ૨૦ વર્ષ પછી આ પાંચ છોડમાંથી ઈમારતી લાકડું પ્રાપ્ત થાય. સમાજ આ ઈમારતી લાકડું વેચીને તેમાંથી પ્રાપ્ત રકમ જે તે દીકરીના લગ્ન માટે ખર્ચ કરે. આ રીતે દીકરીના લગ્નનો ખર્ચ પણ નિકળી જશે અને સરકારી પડતર જમીન

● અનુસંધાન પાન-૭ પર

# ૧૨મી માર્ચે અડાલજ ખાતે પ્રિયંકા-રાહુલની જનસંકલ્પ સભા

ગાંધીનગર, તા. ૫

આગામી ૧૨મી માર્ચના રોજ અડાલજ ત્રિમંદિર ખાતે કોંગ્રેસના પ્રમુખ રાહુલ ગાંધી તેમજ મહામંત્રી પ્રિયંકા ગાંધીની જાહેરસભા યોજવાની જાહેરાતને પગલે આજથી કોંગ્રેસમાં પુનઃ બેઠકોનો ધમધમાટ શરૂ થઈ ગયો છે.

આજે કલોલ ખાતે વિપક્ષના નેતા પરેશભાઈ ધાનાણીની ઉપસ્થિતિમાં યોજાયેલ જનસંપર્ક અભિયાન સભામાં વિપક્ષના દંડક શૈલેષ પરમાર, ધારાસભ્યો ડૉ. સી.જે. ચાવડા, બળદેવજી ઠાકોર, સુરેશભાઈ પટેલ, પૂર્વ સાંસદ જગદીશભાઈ ઠાકોર, પ્રદેશ કોંગ્રેસના માયાબેન દવે, લોકસભા પ્રભારી મનીષભાઈ, જિલ્લા પંચાયત પ્રમુખ મંગુબેન શ. પટેલ (ચૌધરી) સહિતના અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

૧૨મી માર્ચે દાંડીયાત્રાના ઐતહાસિક દિવસે કોંગ્રેસ પક્ષની વર્કીંગ કમિટીની બેઠક મળશે અને ત્યારબાદ જનસંકલ્પ સભાનુ આયોજન કરવામાં આવ્યુ છે.

અગાઉ આ જનસંકલ્પ સભા ૩જી માર્ચના રોજ યોજાવાની હતી પરંતુ તે રદ કરાઈ હતી. હવે ૧૨મી માર્ચે પુનઃ આ જનસંકલ્પ સભા યોજવાનો નિર્ણય લેવામાં આવ્યો છે તેથી કોંગ્રેસમાં એક નવા ઉત્સાહના સંચાર સાથે કાર્યકરોની બેઠકોનો ધમધમાટ શરૂ થયો છે.

જિલ્લાના તમામ તાલુકાઓમાં આવી જનસંપર્ક યાત્રા અભિયાન જનસંકલ્પ સભાને લઈ યોજવામાં આવશે તેમ મનાઈ રહ્યુ છે. કોંગ્રેસ પક્ષ દ્વારા આ જનસંકલ્પ સભામાં ૪૦ હજારથી વધુ કાર્યકરો ભાગ લેશે તેવો દાવો કરવામાં આવ્યો છે.

# ગ્રામ્ય વિસ્તારમાંથી વધુ એક સ્વાઈન ફલુનો કેસ મળી આવ્યો

**૨૬ દર્દી રોગમુક્ત થતાં હોસ્પિટલમાંથી રજા અપાઈ**

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લામાં વધુ એક સ્વાઈન ફલુનો કેસ પોઝીટીવ મળી આવેલ છે. આ સાથે જિલ્લામાં કેસોની સંખ્યા ૨૭ પર પહોંચી છે.

મળતી વિગતો પ્રમાણે કલોલ તાલુકાની ૭૫ વર્ષીય વૃદ્ધાને આજે પરીક્ષણ દરમ્યાન સ્વાઈન ફલુ પોઝીટીવ જણાતાં તેણીનીને હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવેલ છે. જિલ્લાતંત્રએ મળી આવેલ દર્દીના રહેઠાણની આસપાસના વિસ્તારમાં સર્વેલન્સના આદેશો આપ્યા છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે નોંધાયેલ ૨૭ દર્દીઓમાંથી ૨૬ દર્દી સંપૂર્ણ રોગમુક્ત થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. જિલ્લામાં સ્વાઈન ફલુના કેસોમાં આ વખતે મહિલા દર્દીઓ વધુ નોંધાયા છે. સ્વાઈન ફલુના વધી રહેલા કેસો અને સરકારી તંત્ર અને પંચાયત તંત્રના આંકડાઓની ભિન્નતા એ લોકમુખે ચર્ચાનો મુદ્દો બની છે. તંત્રએ લોકોને ભીડ એકત્ર થઈ હોય તેવા સ્થળોએ અનિવાર્ય ના હોય તો નહિ જવા અપીલ કરી છે.

# આજે માણસા ખાતે આરોગ્ય મેળો

ગાંધીનગર, તા. ૫

આજે ગાંધીનગર જિલ્લાના માણસાની સબ ડીસ્ટ્રીકટ હોસ્પિટલ ખાતે આરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યુ છે.

સાંસદોના મતવિસ્તારમાં કોઈ એક સ્થાને આરોગ્ય મેળાનું આયોજન કરવા માટેની સૂચનાને પગલે મહેસાણા લોકસભા વિસ્તારમાં આવતા માણસા ખાતે આ આરોગ્ય મેળાનું આયોજન કરાયુ છે. આ આરોગ્ય મેળાનું સાંસદ જયશ્રીબેન પટેલ ઉદ્ઘાટન કરશે તેમજ અતિથિવિશેષ પદે જિલ્લા પંચાયત પ્રમુખ મંગુબેન શ. પટેલ (ચૌધરી) ઉપસ્થિત રહેનાર છે. બપોરે બે વાગે મેળાનું ઉદ્ઘાટન કરવામાં આવશે.

## છેલ્લે.. છેલ્લે..

● દેવા હેઠળ દબાયેલા અનિલ અંબાણીની કંપની રિલાયન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને રાજકોટના નવા એરપોર્ટને બનાવવાની કામગીરી સોંપવામાં આવી છે. નવું એરપોર્ટ બનાવવા માટેનો ૬૪૮ કરોડ રૂપિયાનો કોન્ટ્રાક્ટ અપાયો છે.

● સુરતના નવસારી બજાર ખાતે આવેલ પોલીસચોકીની સામે સોના-ચાંદીના વેપારી પર ફાયરીંગ કરવામાં આવ્યુ છે. ગંભીર રીતે ઈજાગ્રસ્ત વેપારીને ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેમને મૃત જાહેર કરાયા છે.

● સુરતના વરાછા વિસ્તારમાં ભોળાનગર સોસાયટીમાં પાલિકા દ્વારા ડીમોલેશનની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. બોર્ડની પરીક્ષા સમયે ડિમોલેશન કામગીરી શરૂ કરાતા લોકોએ ભારે હોબાળો મચાવ્યો હતો.

● મહિસાગર જિલ્લામાં દેખાયેલા અને ત્યારબાદ મૃત્યુ પામેલા વાઘના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા છે. અન્ય વાઘની શોધખોળ માટે પણ વન વિભાગે કામગીરી શરૂ કરી છે.

● જામનગર કોર્ટમાં હત્યાના આરોપી શનિ મકવાણાએ પોલીસ કોન્સ્ટેબલ પર હુમલો કર્યો હતો. પહેરેલી હથકડી વડે હુમલો કરતા કોન્સ્ટેબલને ચહેરાના ભાગે ઈજાઓ થઈ હતી.

● રાજકોટમાં કારનો નંબર જીજે-૩-૦૦૦૭ મેળવવા માટે ૧૮ લાખ ૭૬ હજારની બોલી બોલાઈ.

● ધોરણ-૧૦-૧૨ની પરીક્ષા સંદર્ભે શિક્ષણ મંત્રીએ વ્યવસ્થાની સમીક્ષા માટે આજે ૧૧.૧૫ કલાકે બોર્ડમાં સમીક્ષા બેઠક કરશે.

● રાજકોટમાં સ્વાઈન ફલુનો હાહાકાર : મૃત્યુ આંક ૭૭ પર પહોંચ્યો

# બોર્ડના પ્રશ્નપત્રો અને ઉત્તરવહીના ઠેકાણે પણ સી.સી.ટી.વી. કેમેરાની બાજ નજર

ગાંધીનગર તા ૫

આવતીકાલથી શરૂ થતી બોર્ડ પરીક્ષાને અનુલક્ષી જિલ્લા શિક્ષણતંત્ર દ્વારા સંપુર્ણ તૈયારીઓ કરી દેવામાં આવી છે. પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે પણ આયોજન કરાયુ છે. જયારે પરીક્ષાના વર્ગો સી સી ટી વી કેમેરાથી સજજ કરાયા છે. આ ઉપરાંત પ્રથમવાર બોર્ડના પ્રશ્નપત્રો તેમજ ઉત્તરવહી રાખવામાં આવે છે તે ઝોનની ઓફિસમાં પણ સી સી કેમેરા લગાવી દેવાયા છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બાર્ડ દ્વારા તા ૭ માર્ચથી બોર્ડની પરીક્ષાનુ આયોજન કરવામાં આવ્યુ છે. જયારે આ પરીક્ષાને અનુલક્ષી કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે શિક્ષણતંત્ર દ્વારા પુરતી તકેદારી રાખવામાં આવી રહી છે. છેલ્લા ત્રણ વર્ષથી બોર્ડ પરીક્ષા દરમિયાન સતત સી સી ટી વી કેમેરાની વોચ જોવા મળે છે.જયારે પરીક્ષા દરમિયાન કોઈપણ ગેરરીતી ન થાય તે માટે આ વખતે વર્ગ-૧ અને ૨ ના અધિકારીઓની ટીમ પણ રાઉન્ડ લે તે મુજબનુ આયોજન કરાયુ છે. જિલ્લાની તમામ શાળાઓમાં પરીક્ષાની બેઠક વ્યવસ્થાને અનુલક્ષી સી સી ટી વી કેમેરાની વોચ રહેશે.

**સે-૧૨, ૧૬,૨૭ અને ૨૯ ની ઝોનલ ઓફિસમાં પણ સી.સી.ટી.વી. કેમેરા લગાવાયા**

● અનુસંધાન પાન-૭ પર

## આજે ધો.૧૦-૧૨ના વિદ્યાર્થીઓ બેઠક વ્યવસ્થા બપોરે જોઈ શકશે

**દરેક શાળા સંચાલકોને સુચના : પરીક્ષાર્થીઓ બપોરે ૨:૩૦થી ૫ દરમિયાન પોતાની બેઠક વ્યવસ્થા જોઇ શકશે**

ગાંધીનગર તા ૫

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આયોજિત બોર્ડ પરીક્ષા આવતીકાલથી શરૂ થવાની છે.જયારે જિલ્લામાંથી ૫૪ હજાર જેટલા વિદ્યાર્થીઓ આ પરીક્ષા આપશે. જેને અનુલક્ષી આજે પરીક્ષાર્થીઓ બપોરે પોતાની બેઠક વ્યવસ્થા અંગે જાણકારી મેળવી શકે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. વિદ્યાર્થીઓ બપોરે ૨ :૩૦ થી ૫ કલાક દરમિયાન પોતાની બેઠક વ્યવસ્થા જોઈ શકે તે માટે શાળા સંચાલકોને પણ સુચના આપવામાં આવી છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી તા ૭ માર્ચથી બોર્ડની પરીક્ષા શરૂ થવાની છે. જયારે ગાંધીનગર જિલ્લામાંથી ૫૪ હજાર જેટલા વિદ્યાર્થીઓ આ પરીક્ષામાં હાજરી આપશે. પરીક્ષાને અનુલક્ષી જિલ્લા શિક્ષણતંત્ર દ્વારા સઘળી

● અનુસંધાન પાન-૭ પર

# ખનીજ ચોરી કેસમાં કોર્ટ સજા થતાં તાલાલાના કોંગી સભ્ય બારડ સસ્પેન્ડ

**કોર્ટે બે વર્ષથી વધુની સજા ફટકારતાં સસ્પેન્ડ કરાયા : ખનીજ ચોરીના કેસમાં તાજેતરમાં જ સૂત્રાપાડા કોર્ટે કોંગી ધારાસભ્યને સજા કરી હતી**

અમદાવાદ,તા. ૫

ખનીજ ચોરીના ચકચારભર્યા કેસમાં તાલાલાના કોંગી ધારાસભ્ય ભગવાનભાઈ બારડને ધારાસભ્યપદેથી સસ્પેન્ડ કરી દેવાયા છે. તાજેતરમાં જ સૂત્રાપાડા કોર્ટે ખનીજ ચોરી કેસમાં આરોપી કોંગી ધારાસભ્ય ભગવાનભાઈ બારડને બે વર્ષ અને નવ મહિનાની સજા ફટકારતાં ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ દ્વારા ધારાસભ્ય ભગવાનભાઈ બારડને સસ્પેન્ડ કર્યા હતા. બીજીબાજુ, કોંગ્રેસે શાસક પક્ષ ભાજપ અને વિધાનસભા અધ્યક્ષ પર કિન્નાખોરી અને રાગદ્વેષનો આક્ષેપ કર્યો હતો. તાજેતરમાં જ ગીર સોમનાથ જિલ્લાના તાલાલાના કોંગી ધારાસભ્ય ભગવાન બારડને સૂત્રાપાડા કોર્ટે ખનીજ ચોરીના ચકચારભર્યા કેસમાં બે વર્ષ અને ૯ મહિનાની આકરી સજા ફટકારી હતી. કોર્ટના આ ચુકાદાને પગલે સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી



ગઈ હતી. તો, બીજીબાજુ, રાજકીય વર્તુળમાં પણ આ સમાચારને પગલે ભારે ગરમાવો આવી ગયો હતો. ખાસ કરીને કોંગ્રેસના વર્તુળમાં ભારે ચિંતાની લાગણી ફરી વળી હતી. જો કે, નીચલી કોર્ટના આ હુકમ સામે કોંગી ધારાસભ્ય ભગવાન બારડ દ્વારા હવે ઉપલી અદાલતમાં અપીલ કરાય તેવી શકયતા છે. સને ૧૯૯૫માં સરકારી ગૌચર જમીનમાંથી ૨.૮૩ કરોડની ખનીજ ચોરીના ચકચારભર્યા કેસમાં સૂત્રાપાડા કોર્ટે ચુકાદો જાહેર કરી ધારાસભ્ય ભગવાન બારડને બે વર્ષ અને નવ મહિનાની સખત કેદની સજા ફટકારી હતી. જેને પગલે રાજકીય વર્તુળમાં ભારે ચકચાર મચી ગઈ છે. ઉલ્લેખનીય છે કે, વર્ષ ૧૯૯૫માં સુત્રાપાડાની સરકારી ગોચર જમીનમાંથી ૨.૮૩ કરોડની ખનીજ ચોરીના ચકચારભર્યા પ્રકરણમાં કોંગી ધારાસભ્ય ભગવાન બારડ સહિતના સંબંધિત લોકો સામે આઈપીસી-૩૭૯ અને ૪૨૦ મુજબ ગુનો નોંધાયો હતો. જે ગુનામાં ગત તા.૧-૩-૧૯ના રોજ સુત્રાપાડાની જ્યુડીશીયલ

● અનુસંધાન પાન-૭ પર



અડાલજ ખાતે વિશ્વના પ્રથમ પંચતત્વ મંદિરની પ્રતિષ્ઠા તેમજ છાત્રાલયના નિર્માણ અર્થે ખાતમુહુર્ત વિધિ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે કરવામાં આવી હતી. આ દરમિયાન સભા સ્થળે પ્રધાનમંત્રીનુ આગમન થતા જ સ્ટેજ પર ઉપસ્થિત મહાનુભાવોએ પણ ઉભા થઈ પી એમનુ સ્વાગત કર્યુ હતુ. લઉવા પાટીદાર સમાજના આ કાર્યક્રમમાં પુર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલ પણ મંચ પર બિરાજમાન હતા. જયારે પ્રધાનમંત્રીએ મંચ પર પહોંચતાની સાથે જ કેશુભાઈ પટેલને ચરણસ્પર્શ કરીને ભેટી પડયા હતા. તેમના પ્રવચન દરમિયાન પણ પ્રધાનમંત્રીએ શ્રધ્ધેય કેશુભાઈ કહીને તેમનુ નામનુ સંબોધન કર્યુ હતુ.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

# ઉનાળાની આકરી ગરમીમાં મોર્નિંગ કોર્ટ શરૂ કરવા માટે વકીલોની રજુઆત

**ગરમીના દિવસોમાં વકીલોના આરોગ્ય સામે ખતરો : કોર્ટમાં એ સી તેમજ જમ્બો કુલર મુકવા પણ માંગણી**

ગાંધીનગર તા ૫

આકરી ગરમીના દિવસોમાં ગાંધીનગરમાં પણ બહારના રાજયોની જેમ મોર્નિંગ કોર્ટ શરૂ કરવા માટે ડિસ્ટ્રીકટ બાર એસોસિએશને રજુઆત કરી છે.ઉનાળાની આકરી ગરમીના દિવસોમાં ગાંધીનગરની કોર્ટમાં વકીલો તેમજ પક્ષકારોને પડતી હાલાકીને નિવારવા માટે કોર્ટમાં જમ્બો કુલર તેમજ એ સી ની વ્યવસ્થા કરવા પણ રજુઆતમાં જણાંવ્યુ છે.

ગાંધીનગર ડિસ્ટ્રીકટ બાર એસોસિએશનની આજે મળેલી બેઠક દરમિયાન વકીલોના વિવિધ પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી હતી જયારે પ્રશ્નોના નિકાલ માટે જરૂરી ઠરાવ પણ કરવામાં આવ્યા હતા. જેમાં આગામી ઉનાળાની આકરી ગરમીના દિવસોમાં વકીલોએ મોર્નિંગ કોર્ટ કરવા તેમજ કોર્ટ રૂમમાં એ સી તેમજ એર કુલરની વ્યવસ્થા કરવા માટે પણ ઠરાવ કર્યો છે. ડિસ્ટ્રીકટ બારના પ્રમુખ સલીમ મોદને આ અંગે જણાંવ્યા મુજબ કાર્ટ બિલ્ડીંગ ત્રણ મજલાનુ છે. જયારે ઉનાળા દરમિયાન અંગ દઝાડતી ગરમી પડે છે. ગરમીનો પારો ૪૫ ડિગ્રી સુધી પહોંચી જાય છે. આકરી ગરમી અને લું ના સંજોગોમાં પણ વકીલો અને પક્ષકારો પોતાના કેસમાં હાજરી આપે છે. પરંતુ કોર્ટમાં એ સી કે એર કુલરની વ્યવસ્થા હોતી નથી. આકરી ગરમીના લીધે ન્યાયાધીશો, પક્ષકારો વકીલો સરકારી વકીલોએ પણ પારાવાર હાલાકી વેઠવી પડે છે. ગરમીના દિવસોમાં આ સ્થિતિ વચ્ચે વકીલો બી પી ની તકલીફો વચ્ચે બિમારીનો ભોગ બને છે. ભુતકાળમાં અગાઉ આકરી ગરમીના લીધે એક સિનિયર સિટીઝન્સને હ્દયરોગનો હુમલો થતા અવસાન થયુ હતુ. જયારે કાળઝાળ ગરમીના દિવસોમાં ખુલ્લા બેઠક શેડમાં બેસતા વકીલો પણ ગરમીના લીધે હેરાન પરેશાન થઈ રહ્યા છે. ગરમીના દિવસોમાં બહારના રાજયોમાં માર્નિંગ કોર્ટ ચાલે છે. તેવી રીતે ગાંધીનગરમાં પણ ઉનાળા દરમિયાન મોર્નિંગ કોર્ટ શરૂ કરવામાં આવે તેમજ કાર્ટે ચેમ્બર સહીતના ઠેકાણે જમ્બો કુલર મુકવા પણ અનિવાર્ય છે. વકીલો સહીત પક્ષકારોને આકરી ગરમીમાં રાહત થાય અને બિમારીનો ભોગ બનતા અટકે તે માટે જરૂરી કુલર તેમજ એ સી ની વ્યવસ્થા કરવા ઉપરાંત ગાંધીનગરમાં પણ મોર્નિંગ કોર્ટ શરૂ કરવા માટે પણ ડિસ્ટ્રીકટ બાર એસોસિએશનની આજે મળેલી બેઠકમાં સર્વાનુમતે ઠરાવ કરવામાં આવ્યો હતો.



**બેસણું**

અમારા માતૃશ્રી **કાંતાબેન દાનજીભાઈ મોડિયા (ગામ-વાંકડા, તા. વિજયનગર)** નું તા.૪-૩-૨૦૧૯ ને સોમવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. **સદ્ગતનું બેસણું તા.૭-૩-૨૦૧૯ને ગુરુવારના રોજ સવારે ૮:૩૦ થી ૧૧:૩૦** દરમ્યાન અમારા નિવાસસ્થાને રાખેલ છે.

**નિવાસસ્થાન : પ્લોટ નં.૧૧૨૨/૨, સેક્ટર-૨/ડી, સ્વામિનારાયણ મંદિર પાસે, ગાંધીનગર**

લિ. ડો.એમ. ડી. મોડિયા (પુત્ર) (I.A.S.) કલેકટર, નવસારી
રમેશભાઈ ડી. મોડિયા (પુત્ર)
સુભાષચંદ્ર ડી. મોડિયા (પુત્ર)
ઈન્દુબેન સી. ગામેતી (પુત્રી)
સવધાબેન દિવ્યકાંત ભગોરા (પુત્રી)
તથા સમસ્ત મોડિયા પરિવાર



હવે, શહેરની મધ્યમાં...
The Flavours of Gujarati Traditional Snacks, Sweets & Street Food at
bansari TRADITIONAL
ભાતીગળ ભોજનનો આસ્વાદ
(A.C Restaurant)
MANAGED BY RUDRAKSH EVENT MANAGEMENT
Bansari Traditional
101, First Floor, Haveli Arcade, Near Hotel Fortune inn Haveli, Sector-11, Gandhinagar-382010. M. : 8871887150, M. : 8160053460

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com